સાબરકાંઠા જિલ્લા પંચાયતે સોલાર લાઈટ કોમ્પ્યુટર ખરીદીમાં ભ્રષ્ટાચાર આચર્યો

નાયબ ડી.ડી.ઓ. પટેલ વિરૂદ્ધ પ્રજામાં રોષ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં ચાલતા ભ્રષ્ટાચારના વિરૂદ્ધમાં વિપક્ષે સામાન્ય સભામાં હોબાળો કર્યો હતો તેની સાથે ભ્રષ્ટ નાયબ જિલ્લા વિકાસ અધિકારી પટેલ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને પ્રજાના સાચા કામો પ્રત્યે દાખવવામાં આવતી ઉદાસીનતા બાબતે રાજ્યના પંચાયત મંત્રી અને વિકાસ કમિશનર સમક્ષ રજુઆત થઈ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા પંચાયત દ્વારા સોલર લાઈટ અને કોમ્પ્યુટરની ખરીદીમાં આચરવામાં આવેલા ભ્રષ્ટાચારનો મુદ્દો જિલ્લામાં ટોપ ઓફ ધી ટાઉન બનવા પામ્યો છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયત ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે અને ભ્રષ્ટાચારનું મધ્યબિંદુ નાયબ ડી.ડી.ઓ. પટેલ ખેતીવાડી વિભાગ દ્વારા ઉંદર નિયંત્રણના કામમાં કમાયેલ ભ્રષ્ટાચાર, જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા થતો ભ્રષ્ટાચાર અને નરેગાના કામોમાં પેમેન્ટ ચુકવાયા નથી તેની સાથે સોલર લાઈટ અને કોમ્પ્યુટર ખરીદીમાં મોટા પાયે થયેલ ભ્રષ્ટાચારનો મુદ્દો સામાન્ય સભામાં ઉછળ્યો હતો તેની સાથે જિલ્લા પંચાયતોમાં ચાલતો ભ્રષ્ટાચાર અને પ્રજાના કામો પ્રત્યે સેવાતી ઉપેક્ષાની પણ સમગ્ર જિલ્લામાં જોરશોરથી વાતો થઈ રહી છે. ઉચ્ચકક્ષાએ રજૂઆતો પણ થઈ છે. ત્યારે જોવું રહ્યું જિલ્લા પંયાયતમાં ચાલતા ભ્રષ્ટાચારને નાથવા શું પગલા ભરાય છે.

મેઘરાજાને રીઝવવા માટે આજે પ્રાંતિજ ખાતે આવેલ માર્કેડેશ્વર મહાદેવ મંદિરે પૂજા-અર્ચના કરી હતી. મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી ભજન કિર્તન કરી રીઝવવા પ્રયત્નો કર્યા હતા. (સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના ખીજડીવાળા મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવાશે

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજના સોનાસણ રામપુરા સ્થિત વહાણવટી સિકોતર માતા મંદિરે ગુરૂપૂર્ણિમાના પર્વ ધામધૂમપૂર્વક ઉજવાશે.

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ તાલુકાના સોનાસણ-રામપુરા સીમાડામાં આવેલ પૌરાણિક ખીજડીવાળા માતા વહાણવટી સિકોતર મંદિરે તા. ૧૨મી જુલાઈ ૨૦૧૪ના રોજ ગુરૂપૂર્ણિમાના દિને ભાવિકોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગુરૂવંદના, પ્રાર્થના, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવશે.

વર્ગ-૪ કર્મચારીઓને બોનસ આપવા બદલ મહામંડળે આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા દિવાળીના પર્વ પર વર્ગ-૪ સરકારી કર્મચારીઓને બોનસ આપવામાં આવ્યું ન હતુ. પરંતુ હાલમાં વર્ગ-૪ કર્મચારીઓ પ્રત્યે રાજ્ય સરકાર દ્વારા હમદર્દી અને સહાનુભૂતિ દાખવી બોનસ જાહેર કર્યું છે. ત્યારે રાજ્ય સરકાર ચોથા વર્ગના કર્મચારી મંડળના પૂર્વ પ્રમુખ રામેશ્વર લોટ, મહામંત્રી પ્રવિણ સોલંકી, પ્રમુખ પૂનમભાઈ સોલંકીએ અખબારી યાદીમાં સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

ખેડબ્રહ્મામાં ભૂગર્ભ ગટર યોજના દરમિયાન મકાનોમાં તીરાડો પડી

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા શહેરના છેલ્લા વાલ્મીકી વાસના રહીશ દિનેશભાઈ ભીખાભાઈ અને ચોમાસાની સીઝનમાં આ મકાનોને ભારે નુકસાન થવાની શક્યતાઓ છે. વોર્ડ નં. ૩ નાગરીકોએ વરસાદ આવતા પહેલા જ આ ખાડા યોગ્ય રીતે પુરી દઈ કામ પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામેલ છે.

નગરપાલિકાના ચીફ ઓફીસર હરીશ અગ્રવાલના જણાવ્યા અનુસાર આ ખોદકામ જલદીથી પૂર્ણ કરી દેવામાં આવશે અને જે લોકોના મકાનોને નુકસાન થયેલ છે તેને કોન્ટ્રાક્ટર દ્વારા રીપેરીંગ કરી આપવાનું કોન્ટ્રાક્ટરને જણાવી દેવામાં આવેલ છે.

કેટલાય સમયથી ભૂગર્ભ ગટર યોજના ચાલી રહી છે. જેમાં ઠેરઠેર ખાડા ખોદી નાંખવાથી પ્રજા ભારે હાલાકીનો સામનો કરી રહી છે. તેમાં શહેરના વાલ્મીકી વાસમાં ચાલુ કરવામાં આવેલા કામમાં ત્રીસ ફૂટ જેટલુ ખેડાણ કરવામાં આવે છે. જેને લઈ વાલ્મીકી સમાજવાડી પાસેના મકાનો અમુક ભાગોમાં તીરાડો પડી જવા પામી છે. જીવાભાઈ ચંદુભાઈ મકવાણાના મકાનના પાછળના ભાગમાં ગટરનું કામ ચાલુ છે જેને લઈ તેમના મકાનના પાછળના ભાગમાં તીરાડો પડી ગઈ છે. અને મકાનના પાછળના ભાગમાં જમીન પર પણ લાંબી તીરાડ પડી ગઈ છે તેમના જણાવ્યા અનુસાર મોટા મશીનોથી ખોદકામ કરતા જમીનમાં ધ્રુજારી થવાથી સંડાસના ખારકુવાને પણ નુકશાન થયેલ છે. જેને લઈ રહેલી છે. વોર્ડ નં. ૩ના મહિલા સદસ્ય જાગૃતિબેન નરેશભાઈ જોષીના જણાવ્યા અનુસાર નગરપાલીકામાં લોકો દ્વારા અનેક વાર રજુઆત કરવા છતાં કોઈ જ પગલા ભરવામાં આવતા નથી. અને ગટર યોજનાના કારણે પાણીની પાઈપલાઈનો તુટી ગયેલ હોવાથી ગમે ત્યારે આ ખાડાઓ બેસી જવા પામશે જેને લઈ કોઈ મોટુ નુકસાન થાય તેવી શક્યતાઓ રહેલી

ગુજરાતમાં ૧૫મીથી ચોમાસુ જામવા લાગશે

ગાંધીનગર, તા. ૯

ચોમાસાને એકાદ મહિનો થઈ ગયો હોવા છતાં ગુજરાતમાં મેઘરાજાની યોગ્ય રીતે એન્ટ્રી થઈ ન હોવાથી દુષ્કાળનો ભય વ્યક્ત થવા લાગ્યો છે ત્યારે હવામાન વિભાગે નવી આશા જન્માવી છે. ગુજરાતમાં ૧૫મીથી વરસાદનો દોર શરૂ થવાની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં જુનાગઢ સિવાય એક પણ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ થયો નથી અને સર્વત્ર ૬૦ થી ૯૦ ટકા સુધીની ખાદ્ય છે તેવા સમયે હવામાન વિભાગના ડાયરેક્ટર શ્રી સરકારે કહ્યું છે કે આગામી ૧૫મીથી ગુજરાતમાં મોચાસુ જામવા લાગશે. બંગાળની ખાડીમાં લો-પ્રેસર આકાર લઈ રહ્યું છે અને તેનાથી ગુજરાતમાં વરસાદ વરસવાની શક્યતા છે.

આ સિવાય દક્ષિણ મહારાષ્ટ્રના કાંઠાથી માંડીને કેરળના કાંઠા સુધી ઓફશોર ટ્રક સક્રીય બન્યું છે. જો કે, ગુજરાત-કેરળ વચ્ચે ટ્રક સક્રિય બન્યું છે. જો કે, ગુજરાત કેરળ વચ્ચે ટ્રક સક્રીય નથી છતાં તેનાથી સીસ્ટમ સક્રીય થવાના સંકેત મળે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગે ૧૫મીથી ચોમાસાનો વરસાદ જામવા લાગવાની આગાહી કરી છે જ્યારે ખાનગી હવામાન એજન્સી જો કે, તે સાથે સંમત નથી. અરબી સમુદ્રમાં હજુ યોગ્ય સીસ્ટમ બંધાતી ન હોવાને કારણે હજુ થોડી વધુ રાહ જોવી પડશે અને ૧૭મી જુલાઈ પછી જ મેઘરાજાનું આગમન થવાનો દાવો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય હવામાન વેબસાઈટમાં પણ ૧૭મી જુલાઈ પછી વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

ભારતીય હવામાન ખાતાએ ૧૫મીથી વરસાદ પડવાની આગાહી કરવાની સાથોસાથ એમ પણ કહ્યું છે કે વરસાદનો આ સ્પેલ કદાચ લાંબો નહી ચાલે. દરિયાઈ સિસ્ટમની તાકાતના આધારે વરસાદનો આ સ્પેલ નક્કી થશે.

હવામાન ખાતાના ડાયરેક્ટર જયંતા સરકારે એમ કહ્યું કે અરબી સમુદ્રમાં સિસ્ટમ બંધાવાની ગતિ ઘણી ધીમી છે. એટલે વરસાદમાં ઢીલ છે. ૧૫મી સુધી અમુક વિસ્તારમાં છુટોછવાયો વરસાદ પડશે.

વરસાદ આવતા હજુ પાંચ-છ દિ થઈ જાય તેમ હોવા છતાં ઉષ્ણતામાનમાં ઘટાડો થશે એટલે આકરી ગરમીમાંથી લોકોને રાહત મળશે.

અચાનક આગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પામ્યું નથી. -મુખ આર્કેડમાં ત્રીજી વાર આગ લાગવાની ઘટના બનવા પામી છે. ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્ફોસિટી થી કુડાસણ માર્ગ પર સ્થિત પ્રમુખ આર્કેડ ખાતે ઈલેક્ટ્રિક મીટર બોર્ડમાં આજે બપોરના અરસામાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને ભારે દોડધામ મચી ગઈ હતી. આ આગનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ફાયર ઓફિસર મહેશ મોડ ફાયર બુલેટ સાથે તાબડતોબ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા અને આગને કાબુમાં લેવા માટે -યત્નો શરુ કરી દીધા હતા. ઈલેક્ટ્રિક મીટર બોર્ડમાં આગ લાગી હોવાથી પાવર સપ્લાય બંધ કરાવી દઈને સતત પાણીનો મારો ચલાવી આગને પ્રસરતા અટકાવી દીધી હતી. આગ બાજુમાં સ્થિત દુકાનોને લપેટમાં લે તે પહેલા જ આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની કે કોઈ મોટું નુકશાન થવા પામ્યું નથી. ત્રીજી વખત આ પ્રમુખ આર્કેડમાં આગ લાગવાનો કિસ્સો બનવા પામ્યો હોવાનું ધ્યાને આવ્યું છે.

જિલ્લાની પહેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દર માસે શાળા મેનેજમેન્ટ કમિટીની બેઠક બોલાવવી તેમજ શાળાના શૌચાલયો સાફ અને સ્વચ્છ રહે તે જોવુ. મધ્યાહન ભોજનમાં ગત વર્ષ કરતાં પાંચ ટકા બાળકો વધારે જોડાય તેની ખાતરી કરવી. જિલ્લા શિક્ષણ સમિતિએ ગુણવત્તાસભર શિક્ષણનો આ અલાયદો પ્રોજેક્ટ અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટની નિયમિત અને સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

નિર્મળ અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જિલ્લાની તમામ શાળાઓમાં નિર્મળ શાળા અભિયાન અન્વયે વિદ્યાર્થીઓ સ્વચ્છતાના આગ્રહી બને તે માટે વિશેષ ઝુંબેશ શરુ કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ વ્યકિતગત સફાઈ, વર્ગખંડોની નિયમિત સફાઈ ઉપરાંત શાળાના સ્ટાફ રૂમ, પ્રયોગશાળા, ગ્રંથાલયની સફાઈ પણ હાથ ધરવામાં આવી છે. સ્વચ્છ વિદ્યાર્થી સ્વસ્થ વિદ્યાર્થીના અભિગમ સાથે હાથ ધરાયેલ આ અભિયાન અન્વયે વર્ગખંડ સફાઈ સમિતિ ઉપરાંત વિવિધ કક્ષાની સફાઈ સમિતિઓની પણ રચના કરવામાં આવી છે. આ અભિયાનમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો ઉપરાંત સેવકો પણ જોડાયા છે. વધુમાં અભિયાનને વેગ આપવા લોકભાગીદારીનો પણ સહયોગ લેવામાં આવે છે. નિર્મળ શાળા અભિયાન અન્વયે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવા ચિત્ર તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓએ ભાજપ પ્રમુખ તરીકે રાજીનામુ આપી ચુકયા છે.

રાજનાથસિંહે અમિત શાહની મેનેજમેન્ટ કુશળતાની પ્રશંસા કરી હતી. સાથે સાથે લોકસભાની ચૂંટણીમાં ભાજપને જીત અપાવવામાં તેમની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. ટુંકાગાળામાં જ તેઓ ભાજપના એક શક્તિશાળી નેતા તરીકે ઉભરી આવ્યા છે. ભાજપમાં મોટાભાગના નેતાઓ સહમત હતા કે, શાહને મોટી જવાબદારી સોંપવામાં આવે. ઉત્તરપ્રદેશ ઉપરાંત બિહાર અને ગુજરાતમાં પણ ભૂમિકા ભજવી હતી. અમિત શાહ કેટલાક કારણોસર વિવાદના ઘેરમાં પણ રહ્યા હતા. સૌહરાબુદ્દીન શેખ અને તુલસીરામ પ્રજાપતિને આવરી લેતા બનાવટી એન્કાઉન્ટરમાં આરોપી રહી ચુકેલા અમિત શાહ ૨૦૧૦માં જામીન મળતા પહેલા સાબરમતી જેલમાં ત્રણ મહિના રહ્યા હતા. જામીન મળતાની સાથે ભાજપમાં અમિત શાહના શક્તિશાળી કદ આડેની અડચણો દૂર થઈ હતી. અમિત શાહને ઉત્તરપ્રદેશમાં ભાજપના ઈન્ચાર્જ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. ટૂંકા ગાળામાં જ અમિત શાહે ભાજપની તરફેણમાં માહોલ સર્જી દીધો હતો. અમિત શાહ હવે રાજનાથસિંહની જગ્યા લઈ ચુકયા છે. તેમના નામ પર તમામ સભ્યોએ સહમતિ દર્શાવી હતી. ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં અમિત શાહના નામ ઉપર મંજુરીની મહોર મારવામાં આવી હતી. ઝારખંડ, મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી હવે યોજાનાર છે ત્યારે શાહની જવાબદારી વધી ગઈ છે. ત્રણેય રાજ્યોમાં ભાજપને જીત અપાવવાની તેમની જવાબદારી રહેશે. હેમંત સોરેનના નેતૃત્વમાં ઝારખંડ મુક્તિ મોરચાની સરકાર રહેલી છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં કોંગ્રેસની સરકાર છે. તાજેતરમાં મહારાષ્ટ્ર ભાજપ એકમ દ્વારા પણ અમિત શાહને જવાબાદારી સોંપવા માટે કહેવામાં આવ્યું હતુ. અમિત શાહ નરેન્દ્ર મોદીના સૌથી વિશ્વાસુ વ્યક્તિ તરીકે રહ્યા છે. તેઓ રાજકીય વ્યુહરચનાકારોમાં ગણવામાં આવે છે. અમિત શાહ ગુજરાતના ગૃહ પ્રધાન તરીકે પણ કામ કરી ચુકયા છે. જ્યારે મોદી ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે શાહ પ્રધાન તરીકે હતા. અમિત શાહ હાલમાં ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી તરીકે હતા. અમિત શાહે લોકસભાની ચૂંટણીમાં અભૂતપૂર્વ સફળતા અપાવી હતી. મોદી અને શાહની જોડીએ નવો ઈતિહાસ રચ્યો હતો. અમિત શાહની નિમણૂંકને લઈને છેલ્લા ઘણા દિવસથી ચર્ચા હતી. કેટલાક લોકોએ તેમની નિમણૂંકને લઈને પ્રશ્નો કર્યા હતા. હવે આગામી વર્ષે અને આ વર્ષે કેટલાક રાજ્યોની ચૂંટણીમાં તેમની કસોટી થશે.

કુપોષણથી પીડાઈ રહ્યા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે છે. તમામ કુપોષિત બાળકો માટે ત્રીજા ભોજન તરીકે કેલેરી અને પ્રોટીન સભર ૫૦ ગ્રામનો પ્રિમિક્ષ રૂ. ૩ ના ખર્ચે આપવામાં આવે છે. ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ૨૮ દિવસ માટે દરરોજનું ૧૭૮ ગ્રામ ટીએચઆર તેમજ અન્ય બાળકોને દરરોજનું ૧૨૫ ગ્રામ ટીએચઆર આપવામાં આવે છે. અતિ ઓછા વજનવાળા બાળકો માટે પ્રતિ દિવસ પ્રતિ લાભાર્થી રૂ. ૯ની મર્યાદામાં તથા અન્ય બાળકો માટે વધુમાં વધુ રૂ. ૬ મળવા પાત્ર કરાયા છે, ઉપરાંત પ્રત્યેક લાભાર્થી દીઠ માસિક રૂ. ૧૦નો ફળ માટે ખર્ચ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં કુપોષણને નાથવા માટે જિલ્લા પંચાયતે પોતાના ચક્રો ગતિમાન કર્યા છે તો બીજી તરફ રાજ્ય સરકારે પણ તિથીભોજન અને મધ્યાહ્ન ભોજન દ્વારા આ સમસ્યાને પહોંચી વળવા પ્રયત્નો સઘન બનાવ્યા છે.

હાર્દિક અભિનંદન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લહેરાવી શ્રી નરેન્દ્રભાઈ મોદીને -ધાનમંત્રી પદનું ગૌરવ અપાવવાના રાજનીતિકાર તરીકે આપેલા યોગદાનની પરિપાટીએ તેઓ હવે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ભાજપાની વિજય પતાકા અન્ય રાજયોમાં પણ -સરાવશે તેવી હાર્દિક શુભેચ્છાઓ આપી છે.

શ્રી અમિતભાઈ શાહની સંગઠન શકિતનું કુશાગ્ર નેતૃત્વ અને માર્ગદર્શન રાષ્ટ્રીય સ્તરે ભારતીય જનતા પાર્ટીને મળતું થશે તેનો હર્ષ પણ મુખ્યમંત્રીશ્રીએ શ્રી અમિતભાઈને શુભકામનાઓ પાઠવતાં વ્યકત કર્યો છે.

અમીતભાઈ શાહની ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે વરણી થતાં સમગ્ર જિલ્લામાં આનંદોત્સવની ઉજવણી

બનાસકાંઠા, તા. ૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહના અનુગામી તરીકે રાષ્ટ્રીય મહામંત્રી તરીકે જવાબદારી સંભાળતા અમીતભાઈ શાહની પ્રમુખ તરીકે વરણી થતાં સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ હર્ષોલ્લાસથી વધાવી લીધા હતા. આજે જિલ્લા ભાજપના ૨૧ મંડલોના વિવિધ ૧૪ સ્થાનો જેવા કે અંબાજી, દાંતા, અમીરગઢ, વડગામ, પાલનપુર શહેર, દાંતીવાડા, પાંથાવાડા, ધાનેરા, ડીસા, લાખણી, થરા, વાવ, સુઈગામ, ભાભર, દિયોદર જેવા મહત્વના સ્થાનો પર કાર્યકર્તાઓએ આતશબાજી કરીને શાહની વરણીને આવકારી હતી.

જિલ્લા મથક પાલનપુર ખાતે ગુરૂનાનક ચોકમાં મહામંત્રી ગજેન્દ્રભાઈ સકસેના અને હિતેશભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં આતશબાજીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો જેમાં હરેશભાઈ જાની, પાલીકા પ્રમુખ હસમુખ પઢીયાર, પૂર્વ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન મહેશ્વરી, યુવા મોરચાના મહામંત્રી હરેશ ચૌધરી, પ્રદેશ યુવા મોરચાના દશરથસિંહ સોલંકી, શહેર પ્રમુખ અનીકેત ઠાકર સહીત વિવિધ મોરચા અને સેલના કાર્યકરો તેમજ મહીલા મોરચાની બહેનોએ ઉપસ્થિત રહીને અમીતભાઈ શાહની વરણીને હર્ષોલ્લાસથી વધાવી હતી.

તલોદમાં નાગણેશ્વરી માતાજીના મંદિરે ગુરૂપૂર્ણિમા ધામધુમથી ઉજવાશે

તલોદમાં નાગણેશ્વરી માતાજીના મંદિરે ગુરૂપૂર્ણિમાના દિવસે પંદરમી ગુરૂપૂર્ણિમાની ઉજવણી ભકિતભર્યા અને ચમત્કારી કાર્ય ભર્યા વાતાવરણમાં ધામધુમથી કોમી એકતાના પ્રતિકરૂપે ઉજવાશે. તલોદના મઠ વિસ્તારમાં સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી નાગણેશ્વરી માતાજીના મંદિરે તા. ૧૨ જુલાઈ શનિવારના રોજ પંદરમી ગુરૂપૂર્ણિમાની ઉજવણી ધામધૂમથી ઉજવાશે. મંદિરના મહંત જીભુસિંહ રાઠોડ સવારે ૬-૦૦ વાગ્યાથી પુજા અર્ચના આરંભશે. સવારે ૭.૩૦ વાગ્યે માતાજી તથા ગુરુ ગમીરસિંહની મહાઆરતી અસંખ્ય દિપ સાથે કરાશે. મંદિરના પૂજારી એવા મહંતશ્રી જીભુસિંહના હસ્તે મહાયજ્ઞ સવારે ૮-૦૦ વાગે આરંભી ૯-૩૦ કલાકે તેમના પાદુકાની પુજન વિધિ કરવામાં આવશે. ૧૨-૦૦ વાગે મહાપ્રસાદ માઈ ભકતો દ્વારા ભોજન પ્રસાદ ગ્રહણ કરવામાં આવશે.

ગુરૂપૂર્ણિમાના દિવસે અમદાવાદ, વડોદરા, ગાંધીનગર અને રાજસ્થાન સાથે તલોદ તેમજ આજુબાજુના હજારો માઈ ભકતો ગુરુ એવા જીભુસિંહ રાઠોડના પાદુકાનુંપુજન કરી -તિલક કરી તેમના દુઃખો-ચમત્કારી આર્શીવાદ આપતાં અલુપ્ત થઈ જાય છે આ દિવસે સમગ્ર કાર્યક્રમનો વહીવટ જાફરહુસેન શેખ, બકાભાઈ પરમાર, મિલનભાઈ મોદી, હેમુભાઈ સોલંકી, રમેશભાઈ વણઝારા, મનિષભાઈ શાહ જેવા અસંખ્ય શિષ્યો આ પ્રસંગે હાજર રહી ધામધુમથી ઉજવણી કરાશે.

ભાજપે ફૂલડે વધાવી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાયા હતા. ગાંધીનગર શહેર જિલ્લા ભાજપના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી હર્ષોલ્લાસથી ઢોલ નગારાનાં તાલે ફટાકડા ફોડીને મીઠાઈઓ વહેંચી હતી. અમિતભાઈ શાહની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની વરણીથી ગુજરાતના કર્મઠ કાર્યકર્તાને પક્ષની સર્વોચ્ચ જવાબદારી મળવાથી સમગ્ર રાજયના કાર્યકર્તાઓના ઉત્સાહમાં વધારો થયો છે, આનંદની લાગણી પ્રસરવા પામી છે. કેન્દ્રીય નેતાગીરીનો આભાર માનતા ગુજરાત ભાજપના અગ્રણીઓએ વરણીને વધાવી લીધી હતી. પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ. કે. જાડેજાએ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની હાજરીમાં રાજકોટ ખાતે અમદાવાદના ખાનપુર કાર્યાલય ખાતે ઉપસ્થિત રહી શહેરના હોદ્દેદારો, ધારાસભ્યો, કોર્પોરેશના પદાધિકારીઓ સહિત કાર્યકર્તાઓ સાથે અમિતભાઈ શાહની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની વરણીને વધાવી હતી.

પાર્ટવર કન્ટ્રી બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતમાં શ્રેષ્ઠ માળખાકીય સુવિધા વિકાસને પગલે સિંગાપોરના દ્યોગ સાહસિકો ગુજરાતમાં દ્યોગો સ્થાપવા માટે આકર્ષિત થયા છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીને મૂલાકાત દરમિયાન આપી હતી. ગુજરાતમાં એલ. એન.જી. ટર્મિનલ ક્ષેત્રે સિંગાપોરના સહયોગ માટે તેમણે ઈચ્છા દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીને સિંગાપોર -વાસનું આમંત્રણ પાઠવવા સાથે કોન્સ્યુલ જનરલ અજિતસિંદ્યે -વાસી ભારતીય દિવસ ઉજવણીમાં સહભાગી ઉત્સુકતા દાખવી હતી.

પૂરક પરીક્ષામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુંછે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૦ જુલાઈથી પુરક પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લા શિક્ષણતંત્રના જણાવ્યા મુજબ જિલ્લાના વિવિધ ૧૮ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૯, એચ.એચ.સી. માટે ૭, ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની કાર્યવાહી અન્ય ૨ બિલ્ડીંગોમાં હાથ ધરાશે. ધો. ૧૦ માં ૬૮૪૧ તેમજ ધો. ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં ૨૩૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પુરક પરીક્ષાના આયોજન સંદર્ભે જરૂરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. પરીક્ષા કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે પ્રત્યેક પરીક્ષા કેન્દ્રો પર સ્કોવોર્ડની ટીમ રાઉન્ડ લેશે.

ટચૂકડી જાહેર ખબર
જ્યોતિષ દીદી
ગુરૂપૂર્ણિમા
અષાઢી ગુપ્ત નવરાત્રમાં સિદ્ધ કરાયેલા શ્રીયંત્ર ૫૧/- રૂનાં ટોકનથી આપવામાં આવશે.
jyotishdidi@gmail.com
(O) 9879152153
(R) 23220011

શબ્દાવલી - ૫૪૪૨



આડી ચાવી

૧. સમુહમાં બેસીને બધાંએ સાથે મળીને જમવું તે (૬)
૫. એક કંદ, આનો શીરો પણ થાય (૪)
૬. હતપ્રભ, ગભરાઇ જવું (૪)
૯. સદ્‌ગૃહસ્થ, સભ્ય (૩)
૧૦. હકીકત, બીના વાર્તા (૨)
૧૨. પ્યાલો, ... રકાબી (૨)
૧૩. માણસ પશુ વગેરેનો શરીરનો હાડકાં ચામડી વચ્ચેનો ભાગ (૨)
૧૪. માખણ લગાવવું, ... કરવી (૪)
૧૫. વરસાદની ફરફર (૪)
૧૮. ચામડીનો એક રોગ (૩)
૧૯. ખતવવું તે (૪)

ઊભી ચાવી

૧. એડ્રેસ, ઠેકાણું (૪)
૨. યશ, કીર્તિ (૨)
૩. પોલું નહિં તેવું (૩)
૪. રાજય, હકૂમત (૪)
૭. સફળ (૨)
૮. સારો વિચાર (૫)
૧૦. પાછા આવવું તે (૩)
૧૧. વ્યાયામ (૪)
૧૨. દૂષિત, કાળુ, કલંકિત (૪)
૧૩. તુલસીના છોડમાં ડાળીની ટોચે થતાં ડુંડા અને બીયા (૨)
૧૬. 'વામ'નું ઊંધું (૨)
૧૭. તેલ કાઢવાની ચક્કી, તેલ કાઢવાનું યંત્ર (૨)

શબ્દાવલી ૫૪૪૧ના જવાબ

આડી ચાવી :- (૧) સુનયના (૩) વેપાર (૫) રાતરાણી (૭) ખાસ (૯) જલન (૧૦) બખારો (૧૨) ચા (૧૩) વશ (૧૪) ભાવ (૧૬) જતન (૧૭) પાર (૧૮) નાપાશ (૨૦) સુતક (૨૧) ઉઠમણું

ઊભી ચાવી :- (૧) સુરખાબ (૨) નારાજ (૩) વેરાન (૪) પાણી (૬) તલ (૮) સખાવત (૧૧) રોશન (૧૪) ભાજીપાઉં (૧૫) સરવાણું (૧૬) જડસુ (૧૯) શઠ

જાહેર નિવિદા
વાહન સુવિધા (હંકારનારની સેવા સાથેની) / સેવા પુરી પાડવા અંગે ત્રીજો અને અંતિમ પ્રયત્ન

ગુજરાત રાજ્ય જળસ્રાવ વ્યવસ્થાપન એજન્સીની ગાંધીનગર ખાતેની જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ કચેરીમાં એસી. ટવેરા વાહન એકની સુવિધા (હંકારનારની સેવા સાથેની) સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૧૮/૭/૨૦૧૪ સુધીમાં પ્રાયોજના નિયામક અધિકારીશ્રી જિલ્લા જળસ્રાવ વિકાસ એકમ કચેરી, ગાંધીનગર ખાતેથી અરજી સાથે પ્રોજેક્ટ ડાયરેક્ટર ડિસ્ટ્રીક્ટ વૉટર શેડ ડેવલોપમેન્ટ યુનિટ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને આ કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની તૈયાર સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુ